# ચાલુ બાઈકમાં પેટ્રોલ પુરાવતા આગ લાગી : જાનહાની ટળી

**પેટ્રોલ પંપના કર્મચારીઓએ સમયસૂચકતા વાપરી ફાયર સેફ્ટીના સાધનો વડે આગને કાબુમાં લીધી**



પાલનપુર હાઈવે વિસ્તારમાં આવેલ એક પેટ્રોલ પંપમાં એક વ્યક્તિ બાઈક ચાલુ રાખી પેટ્રોલ પુરાવતો હતો.તે સમયે એકા-એક બાઈકની ટાંકીમાં આગ ભભૂકી ઉડતા અફડા-તફડી મચી ગઈ હતી. ત્યારબાદ પંપના કર્મચારીઓએ ફાયર સેફ્ટીના સાધનોથી આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. બનાસકાંઠામાં આગના બનાવોમાં ચિંતાજનક હદે વધારો થઈ રહ્યો છે. પાલનપુર એરોમા સર્કલ પાસે આવેલ એક પેટ્રોલ પંપ ઉપર એક વ્યક્તિ બાઈક ચાલુ રાખી પેટ્રોલ પુરાવી રહ્યો હતો. તે સમયે એકાએક બાઈકની પેટ્રોની ટાંકીમાં આગ આગ લાગી હતી. જેના પગલે આજુ-બાજુથી લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા. તેજ સમયે પંપના કર્મચારીએ સમય સુચકતા વાપરી ફાયર સેફ્ટીના સાધનો વડે આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવતા સદનશીબે મોટી જાનહાની ટળી હતી. આ વિડીયો સોસયલ મીડીયામાં વાયરલ થતા લોકો પણ વિડીયો જાઈ અચરજમાં મુકાયા હતા.

# ડીસામાં આકરી ગરમીનો પ્રકોપ

## તાપમાન ૪૩ ડિગ્રી : ટ્રાફિકથી સતત ધમધમતા શહેરી માર્ગો પણ સુમસામ

ડીસા

રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ ગરમી પડે છે ઉનાળાની ઉતરાર્ધમાં પણ સૂરજદાદા સવારથી જ અગનગોળા વરસાવે છે જે સન સ્ટ્રોકથી આમપ્રજા સહિત પશુ પઁખી જીવો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ગરમીના પ્રકોપથી ત્રસ્ત પ્રજા બપોરના સુમારે તો બહાર નીકળવાનું ટાળે છે તેથી ટ્રાફિકથી સતત ધમધમતા શહેરી માર્ગો પણ સુમસામ ભાસે છે જેના કારણે કરફ્યુ જેવો માહોલ જોવા મળે છે સતત આકરી ગરમીથી ગરમીજન્ય બીમારીઓનો પણ ઉપદ્રવ વધી જવા પામ્યો છે તેથી એમ પ્રજા બાનમાં મુકાઈ છે તેમાપણ ગઈકાલે તાપમાનનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચી જતા પ્રજા પરસેવે રેબઝેબ થઈ ઉઠી હતી સુરજદાદાનું રૌદ્ર સ્વરૂપ આગામી દિવસોમાં પણ જળવાઈ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે તેથી નજીકના સમયમાં પ્રજાને ગરમીમાં રાહત મળે તેમ નથી જેના કારણે ગરમીથી કન્ટાળેલી પ્રજા વહેલા વરસાદની પ્રાર્થના કરવા લાગી છે.



# સુરતની ઘટના બાદ મોડે મોડે પણ વડગામ સરકારી તંત્ર હરકતમાં આવ્યું

**વડગામ તાલુકા પંચાયતમાં ફાયર સેફ્ટીના સાધનો લગાવાયા**

સુરત ટ્યુશન કલાસીસમાં બનેલી દુ:ખદ આ ઘટના ઠેર ઠેર મોડે મોડે પણ સરકારીતંત્ર



હરકતમા આવી ગયુ છે

હરહંમેશ ની જેમ આ વખતે પણ ઘોડા છુટી ગયા બાદ તબેલાને તાળુ મારવા ટેવાયેલા સરકારી બાબુઓ મોડે મોડે પણ સજાગતા દાખવતાં આમ જનતા માં વહીવટી તંત્ર સજાગ બન્યું હોવાની ચર્ચા ઓ થઈ રહી છે વડગામ તાલુકા માં આવેલી તાલુકા પંચાયત કચેરી માં વડગામ તાલુકા વિકાસ અધિકારી એ.એચ.પરમાર દ્વારા તાત્કાલિક એકસનમાં આવી જઈને આજદિન સુધી તાલુકા પંચાયત માં અગ્નિ શામક સાધન નહોતું પરંતુ સુરત ની ઘટના બાદ સફાળા બનીને તાલુકા પંચાયત માં ફાયર સેફ્ટી ના સાધનો લગાવતાં તાલુકા પંચાયત ના સત્તાધીશો ની કામગીરી ને લોકો એ બિરદાવી હતી અને કોઈ ઘટના ઘટે તો તાત્કાલિક તેનો ઉપયોગ કરી શકાય તેવી રીતે ફાયર સેફ્ટી ના સાધનો વડગામ તાલુકા પંચાયત માં લગાવ્યા છે.

# ખરીદ વેચાણ સંઘના ચેરમેન સામે અવિશ્વાસની દરખાસ્તથી સરકારી જગતમાં ખળભળાટ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન મેઘરાજભાઈ પટેલ વિરૂધ્ધ નવ ડિરેકટરોએ અવિશ્વાસની દરખાસ્ત કરતાં ચકચાર મચી જવા પામી છે. ડિરેકટરોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતુ કે,ચેરમેન દ્વારા મનસ્વી પણે વહીવટ અને ડિરેકટર ની મંજૂરી વગર ઠરાવો કરવામાં આવે છે. આ ઉપરાંત પગાર વધારો, ખાતરમાં ખોટા હવાલા તેમજ ગાડીનો પણ દૂરપયોગ કરવામાં આવી રહ્યો છે. જેના કારણે કુલ ૧૮ ડિરેકટરો પૈકી અમે નવ ડિરેકટરોએ તેમના વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત કરી છે.

# ધાનેરામાં ૧૦ ખાનગી ટ્યુશન ક્લાસીસોને તંત્રએ સીલ માર્યા

**જીલ્લા કલેક્ટર બહાર પાડેલ જાહેરનામાનાં પગલે તંત્ર જાગ્યું**

સુરતની આગની કરૂણ ઘટના બાદ રાજ્ય સરકારના આદેશથી જાગેલ બધી મહા નગરપાલિકાઓ, અને નગરપાલિકાઓની જેમ બનાસકાંઠા





જીલ્લાની ધાનેરા નગરપાલિકા દ્વારા પણ ગત રોજ જુદા-જુદા વિસ્તારોમાં ચાલતા ૧૦ જેટલા ટ્યુશન ક્લાસોને ફાયર સેફ્ટી અને સલામતીના મામલે સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી, જેના પગલે સંચાલકો માં હડકંપ મચી જવા પામ્યો હતો, બનાસકાંઠા જીલ્લાના ધાનેરા ખાતે ફાયર સેફ્ટી કે પછી અન્ય સલામતી સાધનો વિહોણા બિલાડીની ટોપની જેમ ફુટી નિકળેલ ગેરકાયદેસર ટ્યુશન ક્લાસીસ ની હાટડીઓ ધમધમી રહી છે.

ત્યારે સુરતમાં ટ્યુશન ક્લાસમાં લાગેલી આગમા અનેક માસુમ બાળકો મોતને ભેટ્યા છે, ત્યારે આ ઘટના બાદ લોકોમાં રોષ પ્રગટ્યો છે જેના પગલે સરકાર હરકતમા આવી ઠેર ઠેર ધમધમતી ટ્યુશન ક્લાસીસની હાટડીઓ સામે કડક કાર્યવાહી કરવા જીલ્લા કલેક્ટરોને તાકીદ કરી છે, જેના પગલે બનાસકાંઠા જીલ્લા કલેક્ટર સંદિપ સાંગલે દ્વારા જાહેરનામુ બહાર પાડી જીલ્લાની તમામ નગરપાલિકાઓને આવા ટ્યુશન કલાસો, હોસ્ટેલો, બહુમાળી ઈમારતો, સમર કેમ્પો, જેવા સ્થળોએ ફાયર સેફ્ટી, અને સલામતી સાધનો મામલે કડક કાર્યવાહી આદેશ અપાયા છે, જે અંતર્ગત ધાનેરા નગરપાલિકા દ્વારા અલગ અલગ ટીમો બનાવી ટ્યુશન કલાસીસો, શોર્પીગ સેન્ટરો, બહુમાળી ઈમારતોમાં ફાયર સેફ્ટી અને સલામતી સાધનો મામલે કાર્યવાહી હાથ ધરતા ગેરકાયદેસર ધમધમતી ૧૦ ટ્યુશન ક્લાસીસોને સીલ કરવામા આવી હતી.

આ ઘટનાને પગલે ક્લાસીસ ચલાવતા સંચાલકોમાં હડકંપ મચી જવા પામ્યો હતો, આ કાર્યવાહીના પગલે ધાનેરા નગરપાલિકાના સીલીંગ અધિકારી રામભાઈ સોલંકી એ જણાવ્યુ હતુ કે સુરતમાં બનેલી ગોઝારી ઘટનાના પગલે જીલ્લા કલેકટરશ્રીએ બહાર પાડેલ જાહેરનામા ના પગલે આજે ધાનેરા નગરપાલિકા વીસ્તારમાં આવેલ ૧૦ ટ્યુશન ક્લાસીસ સીલ કરવામાં આવ્યા છે, અને બહુમાળી ઈમારતો, શોપીંગ સેન્ટરોમાં પણ ફાયર સેફ્ટી અને સલામતી સાધનો મામલે તપાસ હાથ ધરી નોટીસો પાઠવવામાં આવી છે.

# પાલનપુર નજીક કાર- ઈકો ટકરાયા : બે જણાને ઈજા

**ભુજના પરિવારને પાલનપુર નજીક અકસ્માત નડ્યો**

પાલનપુર

પાલનપુર તાલુકાના મલાણા ગામ પાસે રવિવારે કાર અને ઈકો ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ભુજના ભટ્ટ પરિવારના ત્રણ સભ્યો ગંભીર રીતે ઘાયલ થતા તેમને પાલનપુર સિવિલ હોસ્પિટલ માં સારવાર માટે ખસેડાયા હતા.

પાલનપુર તાલુકાના મલાણા ગામ પાસે રવિવારે કાર અને ઈકો ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ભુજના ભટ્ટ પરિવારના ત્રણ સભ્યો ગંભીર રીતે ઘાયલ થતા તેમને પાલનપુર સિવિલ હોસ્પિટલ માં સારવાર માટે ખસેડાયા હતા. આ અંગેનીવીગતો એવી છે કે, જયપુરમાં ખાનગી કંપની માં નોકરી કરતા ભુજના વતની ૩૨ વર્ષીય ઉત્સવભાઈ દીપકભાઈ ભટ્ટ તેમની ૩૧ વર્ષીય પત્ની જલ્પાબેન અને ૪ વર્ષીય પુત્રી માયરા સાથે રવિવાર ના રોજ તેમની આઈ ટેવન્ટી ગાડીમાં સવાર થઈને જયપુર જવા નીકળ્યા હતા. દરમ્યાન બપોર ના સમયે પાલનપુર તાલુકા ના મલાણા ગામ નજીક સામેથી પુર ઝડપે આવી રહેલ ઈકો ના ચાલકે કાર ને જોરદાર ટક્કર મારતા ત્રણ સભ્યો ગંભીર રીતે ઘાયલ થતા તેમને પાલનપુર સિવિલ હોસ્પિટલ માં સારવાર માટે ખસેડાયા હતા.

# વિજયનગર તાલુકાના વિરેશ્વર વિદ્યાલય કાલવણ વસાહતનું ગૌરવ

હિંમતનગર, તા. ૨૮

વિજયનગર તાલુકાના વિરેશ્વર વિદ્યાલય કાલવણ વસાહતનું તાજેતરમાં બોર્ડનું પરીણામ જાહેર થતા તેમાં ધો. ૧૦નું ૮૦.૪૮ ટકા જ્યારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ ૮૦.૮૪ ટકા આવતા આ શાળામાં ધો. ૧૦ અને ૧૨માં ભણતા તેજસ્વી તારલાઓએ બોર્ડની પરીક્ષામાં કરેલા ઉજ્જવળ દેખાવ બદલ શાળા પરીવાર વતી તેમને બિરદાવવામાં આવ્યા છે.

# મેઘરજ તાલુકામાં વકરતી પીવાના પાણીની સમસ્યા





મેઘરજ, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના કેટલાયે અંતરિયાળ વિસ્તારોમાં આજકાલ પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભરી આવતા લોકો પાણી માટે રઝળપાટ કરતા જોવા મળી રહ્યા છે. વકરતી જતી પાણીની વિકટ સ્થિતિ સામે ઝઝૂમતા ગ્રામિણ લોકો મેઘરજ તાલુકાના કુણોલ સહિતના વિસ્તારોમાં પીવાના પાણી માટે લોકોએ બે-ત્રણ કિલો મીટર સુધી દિવસભર પાણીની શોધમાં દિવસ વિતાવવો પડી રહયો છે.

કેટલાક વિસ્તારોમાં બળદગાડાઓમાં બેરલ મૂકી ત્રણ ત્રણ કિમિ દુરથી પાણી ભરી લાવવું પડે છે. કુણોલ નજીક લાલપુર, નવાઘરો, તેમજ રાજગોર ગામોમાં પીવાના પાણી માટે લોકોને હાલાકીઓ પડી રહી છે. ગામમાં પીવાના પાણીની ડંકીઓ તો છે પણ તે માત્ર શોભાના ગાંઠિયા સમાન હોઈ પાણીના પોકાર પડી રહ્યા છે. એસ.કે. ટૂ યોજના અંતર્ગત પાણી માટેનો મોટો સોર્સ છે, પણ ત્યાં પણ પાણી આવતું નથી. જે લોકો પાસે વાહન છે, તેઓ વાહન લઈને પાણી ભરવા માટે જાય છે.

તો કેટલાક લોકો બળદગાડા લઈને પાણી ભરવા માટે રોડ પર જતાં નજરે પડી રહ્યા છે. તંત્ર પીવાના પાણીની સમસ્યા નથી તેવા દાવાઓ તો કરે છે, પણ આ જમીની હકીકત કઈક જુદી છે તે આ તસવીરો ગવાહી છે!!

**અરવલ્લી અભયમ ટીમે**

# બાળલગ્ન પ્રતિબંધક શાખાના સહયોગથી ચોઈલા ગામે બાળવિવાહ અટકાવ્યા

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લા બાળ સુરક્ષા કચેરી બાતમીના આધારે જ ચાલતી હોય તેમ જીલ્લામાં હજુપણ બાળલગ્ન છાનીછૂપી રીતે મોટા પ્રમાણમાં યોજાઈ રહ્યા છે. જીલ્લા બાળ સુરક્ષા કચેરી અત્યાર સુધી ફક્ત ૧૪ બાળલગ્નો અટકાવવામાં સફળ રહી છે. અરવલ્લી જીલ્લા અભયમ-૧૮૧ને ચોઈલા ગામે ૧૬ વર્ષીય સગીરાના લગ્ન થવા જઈ રહ્યા હોવાનો કોલ મળતા લગ્નના થોડા કલાકો પહેલા મળતા અભયમ ટીમના જીજ્ઞેશાબેન, પિન્ટુબેન અને પાયલોટ જીતેન્દ્રભાઈએ લગ્ન અટકવાવા બાળલગ્ન પ્રતિબંધિત અધિકારી અને બાયડ પોલીસ સ્ટેશનના સહયોગથી ૧૬ વર્ષીય સગીરાના માતા-પિતા અને સગીરાના પરિવારજનોને સમજાવી બાળલગ્ન પ્રતિબંધ અંગે સમજ આપી બાળલગ્ન કરાવવા ગુન્હો બનતો હોવાનું જણાવતા પરિવારજનોએ આખરે ૧૬ વર્ષીય સગીરાના લગ્ન બંધ રાખતા અભયમ ટીમને બાળ વિવાહ અટકાવામાં સફળતા મળી હતી.





અરવલ્લી જીલ્લા અભયમ-૧૮૧ ટીમને ચોઈલા ગામે ૧૬ વર્ષીય સગીરાના લગ્ન થઈ રહ્યા હોવાનો કોલ જાગૃત નાગરિકે કરતા ચોઈલા ગામે બાળ સુરક્ષા કચેરીના અધિકારી અને બાયડ પોલીસ સાથે લગ્ન સ્થળ પર પહોંચી લગ્ન લેવાયેલ કન્યાના આધાર-પુરાવા માંગતા લગ્ન લેવાયેલ સગીરાની ઉંમર ૧૬ વર્ષની થતી હોવાથી સગીર યુવતીના માતા-પિતા અને પરિવારજનોને સમજાવી બાળલગ્ન ગુન્હો બનતો હોવાનું અને લગ્ન કરનાર અને લગ્ન કરાવનાર બંને સામે ગુન્હો બનતો હોવાનું અને કાયદામાં જેલની જોગવાઈ હોવાનું જણાવી સમજવામાં આવ્યા હતા. બાળલગ્ન પ્રતિબંધક અધિકારી દ્વારા ૧૬ વર્ષીય સગીરાના માતા-પિતાને નોટિસ આપવામાં આવી હતી અને પરિવારજનોનું નિવેદન લઈ લગ્ન બંધ રાખવા જણાવ્યું હતું અને બાળવિવાહ અટકાવવા બાંહેધરી અપાતા અરવલ્લી જીલ્લામાં વધુ એક બાળવિવાહ અટકાવવામાં અને ૧૬ વર્ષીય સગીરાને નાની ઉંમરમાં લગ્નના ખપ્પરમાં હોમતી બચાવી લેવામાં સફળતા મળી હતી.

# ઊંઝા એપીએમસીમાં ૧૨ બેઠકો માટે ૪૪ ઉમેદવારો

ઊંઝા, તા. ૨૮


એશિયાભરમાં વેપારક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતી ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની આગામી તા. ૯મી જૂનના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણીમાં આજે ઉમેદવારીપત્રકો ભરવાના દિવસે કુલ બાર સભ્યોની ચૂંટણી માટે કુલ ૪૪ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવતાં માહોલ ભારે ગરમાયો છે.

ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની વર્તમાન કમિટિની મુદત પુરી થતાં લોકસભા ચૂંટણી પૂર્વે બજાર સમિતિની ચૂંટણી યોજવા અંગેની જાહેરાત થઈ હતી પરંતુ લોકસભા ચૂંટણીને કારણે આ ચૂંટણી મુલત્વી રાખવામાં આવી હતી. બાદ લોકસભા ચૂંટણીપૂર્ણ થતાં બજાર સમિતિ ઊંઝાની તા. ૯મી જૂનના રોજ ચૂંટણી યોજવાનું નક્કી થતાં આજે ઉમેદવારી પત્રકો ભરવાના દિવસે ખેડૂત મત વિભાગના આઠ અને વેપારીમત વિભાગના ચાર સદસ્યો મળી કુલ બાર સભ્યોની ચૂંટણી માટે ખેડૂત મત વિભાગમાં ૨૮ અને વેપારી મત વિભાગમાં ૧૬ મળી કુલ ૪૪ ઉમેદવારોએ ઉમેદવારીપત્રકો ભર્યા હતા. દરમિયાન આખરી મતદારયાદીમાં સહકારી ખરીદ વેચાણ મંડળીઓના મત વિભાગમાં એક પણ મતદાર ન હોઈ તેની ચૂંટણી થશે નહી.

આર્થિક રીતે સંગીન સ્થિતિ ધરાવતી ઊંઝા બજાર સમિતિના ચેરમેન અને અધ્યક્ષનું પદ રપાજયના કબીનેટ પ્રધાનના દરજ્જા સમાન મનાય છે. ત્યારે આ ચૂંટણીમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય નારયણભાઈ પટેલ અને તેમના પુત્ર ગૌરાંગભાઈ પટેલ અને તેમના સમર્થકો તેમજ વર્તમાન ભાજપના ધારાસભ્ય ડૉ. આશાબેન પટેલના સમર્થકો એવા ઉમેદવારો સામ સામે ખુલ્લંમખુલ્લા ચૂંટણી મેદાને પડ્યા હોઈ માહોલ ભારે ગરમાયો છે. આ ચૂંટણીમાં બજાર સમિતિ પર સત્તા પ્રાપ્ત કરવા માટે મરણીયો જંગ ખેલાશે તેવા એંધાણ જણાય છે. આ ચૂંટણી પક્ષીય રીતે લડાતી નથી પરંતુ ભાજપની વિચારસરણી ધરાવતા બે ગૃપો વચ્ચેની આ સીધી લડાઈ હોવાનું ચર્ચાય છે.

# પ્રાંતિજ ખાતે ફાયરસેફ્ટીને મામલે સરકારી કચેરીઓમાં જ દિવાતળે અંધારૂ







પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ તાલુકા સેવાસદનમાં જ ફાયરસેફટીને લઈને હાલ તો દિવા તળે અંધાળુ હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. અહી ફાયર સેફટીને લઈને બોટલો તો દિવાલ ઉપર જોવા મળે છે પણ એકસ્પાઈટ ડેટ થઈ જતાં માત્ર શોભના ગાંઠીયા સમાન છે.

સુરતમાં ટયુશન કલાસીસમાં લાગેલ આગની ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં ફાયરસેફટીના નિયમોને લઈને કડકમાં કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે. ત્યારે ભરચક્ક વિસ્તારો સહિત સ્કૂલ કોલેજ, ગેસ્ટહાઉસો સહિત ફાયર વિભાગ ટીમ, નગરપાલિકા ટીમ, મામલતદાર કચેરી ટીમ, તાલુકા પંચાયત કચેરીની ટીમ દ્વારા વિવિધ ભીડભાડ વિસ્તારો સહિત તપાસ હાથ ધરવામાં આવી રહી છે. નવાઈની વાત તો એ છે કે જયા દિવસ દરમ્યાન હજારોની સંખ્યામાં ખેડૂતો સહિત નગરજનો તાલુકાના લોકોની દિવસ દરમ્યાન હજારો લોકોની અવરજવર છે તે તાલુકા સેવાસદનમાં જ ફાયરસેફટીને લઈને હાલ તો દિવા તળે અંધાળુ હોય તેવું લાગી રહ્યું છે.

અહીં ફાયર સેફટી માટેની બોટલો તો દિવાલ ઉપર ઠેરઠેર જગ્યાએ લગાયેલી છે પણ છેલ્લા બે ત્રણ વર્ષથી એકસ્પાઈટડેટ થયેલ છે. અહીં આવેલ લીફ્ટમાં પણ કોઈ જાતની ફાયર સેફટીની સુવિધા જોવા મળી ન હતી. હાલ તો માત્ર ફાયર સેફટીને લઈને તાલુકા સેવાસદનની દિવાલો ઉપર ઠેરઠેર ફાયર સેફટી બોટલો તો ટીગાયેલી જોવા મળે છે પણ શોભાના ગાંઠીયા જેમ હોય તેવુ સ્પસ્ટ પણે જણાઈ આવે છે. આ અંગે પ્રાંતિજ મામલતદાર આર.કે. પટ્ટણીને પુછતા તેવોએ જણાવ્યું કે બે દિવસથી અમે ફાયરસેફટીની બોટલો અમુક નવી અને જે છે તે તારીખ વિતી ગાઈ હોવાથી રીન્યુઅલ કરવા માટે આગળની પ્રોસજ કરી દેવામાં આવી છે અને આજકાલમાં પુણ થઈ જશે. હાલ તો સરકારી કચેરીઓમા જ દિવા તળે અંધાળુ જોવા મળતાં બીજા લોકોની તો વાત જ શું.

# સુરતની દુર્ઘટનાના મૃતકોને બાયડના ભૂલકાઓની શ્રદ્ધાંજલિ

સુરતના અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ અરવલ્લી જિલ્લાના બાયડમાં યોજાઈ ગયો. બાયડ તક્ષશિલા હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળકો જોડાયા હતા અને મૃતકોને સાચા દિલથી પુષ્પાંજલિ અર્પી હતી. આસપાસની હોસ્ટેલના બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સુરતની તક્ષશિલા આર્કેડમાં લાગેલા આગની ઘટનામાં મૃત્યુ પામેલા ૨૨ જેટલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

બાયડના તક્ષશિલા હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ૧૫૦ જેટલા બાળકો સહિત શિક્ષણ સંસ્થાના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા જેમાં મૌન પાડીને મૃતકોના પરિવારજનોને હિંમત મળે તે માટે પ્રાર્થના પણ કરાઈ હતી.

